આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૮૫ | ૨૫ ડિસેમ્બર, ૨૦૧૨, મંગળવાર; માગશર સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



આદિત્ય ઠક્કર | સાહિલ પટેલ | આશિષ જૈન | દ્રોણ ત્રિવેદી | ગુંજન રામાણી | સ્વપ્નીલ નાયડે | લીસાબેન પટેલ | યશ પટેલ

રીમા પટેલ | મિહીર મહેતા | હર્ષ શાહ | વૈભવ પટેલ | અશ્વત્થ્ય શાથીશાન | દીપ કાપડીયા | શર્વીલ દુલેરા | કલગી ત્રિવેદી

શ્રુતિ કપોરા | ધ્રુવ શ્રીમાળી | ફેનીલ પટેલ | શાહીલ કુરેશી | આદિત્ય પરમાર | કુંતલ નાયક | સ્મિત પટેલ | ઈશાના ગોર

પ્રિયાંશ અગ્રવાલ | શ્રેયસ ભંડેરી | ઉર્વી શાહ | અર્પિતા પટેલ | ગ્રીષ્મા પટેલ | કરણ પટેલ | કેતુલ પટેલ | ઉજ્જ્વલ પટેલ

વિરાજ શાહ | આકાશ શાહ | સાર્થક શાહ | પ્રિયંકા શાહ | જીનલ ભટ્ટ | હર્ષ પટેલ | સંકેત ઉઘગીરકર | કાજલ પટેલ

ફોરમ પટેલ | પાર્થ પટેલ | સાહિલ પરમાર | પલ્લવ બોરીસાગર | રીંકલ ગોહિલ | ગુંજન રામાણી | શિપ્રા એન્જિનિયર | દેવિકા પટેલ

# ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં જિલ્લાનું વિક્રમજનક પરિણામ

## ગાંધીનગર જિલ્લામાં એ-વન ગ્રેડમાં ૬૫, શહેરમાં ૫૯ વિદ્યાર્થીઓ : આદીત્ય ઠક્કર રાજ્યમાં બીજા સ્થાને

ગાંધીનગર, તા.૨૪

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત નવેમ્બર મહિનામાં લેવાયેલી ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહની પ્રથમ સેમીસ્ટરનું પરિણામ આજે બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર જિલ્લામાં વિક્રમજનક ૯૯.૪૯ ટકા પરીણામ આવ્યું છે. જયારે ગાંધીનગર કેન્દ્રનું રીઝલ્ટ પણ ૯૯.૪૫ ટકા જેટલું ઉંચું રહેવા પામ્યું છે. ગાંધીનગર જિલ્લામાંથી ૬૫ વિદ્યાર્થીઓ તેમજ કેન્દ્રમાંથી ૫૯ સ્ટુડન્ટસ એ-વન ગ્રુપમાં ઉત્તીર્ણ થયા છે.

**ગાંધીનગર જીલ્લાનું ૯૯.૪૯ ટકા અને શહેરનું ૯૯.૪૫ ટકા પરિણામ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા નવેમ્બર ૨૦૧૨માં લેવાયેલી ધો-૧૧ વિજ્ઞાનપ્રવાહના પ્રથમ સેમેસ્ટરની પરીક્ષામાં રાજયમાંથી ૧,૧૭,૦૫૭ વિદ્યાર્થીઓ નોંધાયા હતા આ પૈકી ૧,૧૬,૯૪૦ વિદ્યાર્થીઓએ પરીક્ષામાં હાજરી આપી હતી. આ પૈકી એ ગૃપના ૭૪૫૩૬ બી ગૃપમાં ૪૨૩૬૧ અને એ.બી. ગૃપમાં ૪૪ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. પરીક્ષા દરમિયાન ૨૪૧ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. પરિક્ષાનું પરિણામ જાહેર થયાના અંતે સમગ્ર રાજયમાંથી ૧૦૯૭ વિદ્યાર્થીઓ એ-વન ગ્રેડમાં ઉત્તીર્ણ થયા છે. જયારે ૬૩૪૦ વિદ્યાર્થીઓનો એ-૨ ગ્રેડમાં સમાવેશ થાય છે. બીજી તરફ ગાંધીનગર જિલ્લામાં આ વર્ષે ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહના પ્રથમ સેમેસ્ટરનું વિક્રમ જનક પરિણામ આવ્યું છે. જિલ્લામાંથી ૫૩૪૭ વિદ્યાર્થીઓ પરીક્ષા માટે નોંધાયા હતા. આ પૈકી ૬૫ વિદ્યાર્થીઓ એ-વન ગ્રેડમાં ઉત્તીર્ણ થયા છે. જયારે ૨૬૧ એ-૨ ગ્રેડમાં અને ૭૦ વિદ્યાર્થીઓનો બી-૧ ગ્રેડમાં સમાવેશ થાય છે. આ ઉપરાંત ૧૨૬૧ સ્ટુડન્ટસ બી-૨

● અનુસંધાન પાન-૭ પર

### ગાંધીનગરની શાળાઓનો ઉત્તમ દેખાવ

**એ૧ ગ્રેડ મેળવનારા કઈ શાળામાં કેટલા વિદ્યાર્થીઓ ?**

| ક્રમ | શાળાનું નામ | એ૧ ગ્રેડ |
|---|---|---|
| ૧ | સ્કૂલ ઑફ એચીવર (ગુજ) | ૧૫ |
| ૨ | શેઠ સી એણ ઉ મા હાઈસ્કૂલ | ૧૩ |
| ૩ | વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ | ૦૯ |
| ૪ | સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ | ૦૮ |
| ૫ | ઈન્ફોસિટી જુનિ. સાયન્સ કૉલેજ | ૦૬ |
| ૬ | સ્કૂલ ઑફ એચીવર (અં) | ૦૩ |
| ૭ | એમ બી પટેલ ઉ મા હાઈસ્કૂલ | ૦૨ |
| ૮ | ક્રિષ્ના સ્કૂલ ઑફ સાયન્સ | ૦૧ |

### બે વિદ્યાર્થીઓને કેમેસ્ટ્રીમાં ૧૦૦ ગુણ

ધો-૧૧ વિજ્ઞાનપ્રવાહના પ્રથમ સેમેસ્ટરની પરીક્ષામાં શહેર અને જિલ્લાનું પરિણામ ઉંચું આવ્યું છે. જયારે શહેરની મોટાભાગની શાળાઓએ ૧૦૦ ટકા પરિણામ મેળવ્યું છે. ગાંધીનગર કેન્દ્રમાં એ-વન ગ્રેડમાં ઉત્તિર્ણ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યા પણ નોંધપાત્ર છે. શહેરના ટોપર્સની યાદી પણ મોટી છે. જયારે આ યાદીમાં મોખરાનું સ્થાન ધરાવતા આદિત્ય ઠકકરે કેમેસ્ટ્રી અને ગણિત વિષયમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ પ્રાપ્ત કર્યા છે. કેન્દ્રમાં બે વિદ્યાર્થીઓએ કેમેસ્ટ્રીમાં પુરેપુરા ગુણ પ્રાપ્ત કર્યા છે.

# મેયર અને બે કોર્પોરેટર સામે પક્ષાંતર ધારા હેઠળ પગલાં લેવા અરજી

## મનપા કોંગ્રેસ પક્ષના નેતા અને શહેર કોંગ્રેસ પ્રમુખ દ્વારા મનપા સચિવને વિધિવત અરજી કરાઈ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર મહેન્દ્રસિંહ રાણા અને તેમના બે સાથીઓ જે ભાજપમાં જોડાયા છે તેમની સામે પક્ષાંતર બાબતોના અધિનિયમની જોગવાઈઓને આધિન પગલાં લેવા માટે કોંગ્રેસ પક્ષે અરજી કરી છે.

વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ પૂર્વે મેયર મહેન્દ્રસિંહ રાણા અને વોર્ડ નં. ૩ના બે કોર્પોરેટરો સુભાષ પાંડવ તથા હંસાબેન મોદી કોંગ્રેસ સાથે છેડો ફાડી ભાજપમાં જોડાયા હતા.

● અનુસંધાન પાન-૭ પર





